**સ્પે. દિવાની દાવા નં.૧૧૨/૨૦૨૦.**

**આંક – ૨૭ ની અરજી લગત હુકમ.**

(૧).. અરજી વંચાણે લીધી.આ અરજી પ્રતિવાદી નં.૧ થી ૫ દ્વારા દીવાની કાર્યવાહીના કાયદાના ઓર્ડર–૭ રૂલ– ૧૧ મુજબ કરેલ છે.

અરજીની મહત્વની વિગત વંચાણે લેતા તેમા જણાવેલ છે કે, તા.૨૪/૧૧/૧૯૫૫ સુધી ધુમાના મુળ સર્વે નં.૫૨૨/૪ યાને બ્લોક નં.૬૫૮ વાળી જમીન બેચરભાઈ જોઈતારામના ભોગવટા હેઠળ ચાલી આવતી હતી તે વિગત બિનતકરારી છે.વાદીના પક્ષનિવેદન મુજબ બ્લોક નં.૫૬૭ તથા બ્લોક નં .૬૬૭ પણ બેચરભાઈ જોઈતારામની માલીકીના હતા અને આ ત્રણેય સર્વે નંબરમા બેચરભાઈ જોઈતાભાઈની પુત્રીઓનો વગર વહેચાયેલો હકક હીસ્સો છે તે પક્ષનિવેદન કરી તેના સમર્થનમા વાદીએ ચાલકીપુર્વક સંગત રેકર્ડ રજુ કરેલ નથી કેટલીક મહત્વની હકીકતો બાબતે મૈં ાન રાખેલ છે.બ્લોક નં.૫૬૭ વાળી જમીન અગાઉ સર્વે નં.૪૭૦નો હીસ્સા નં.૧ હતો.ખરેખર બેચરભાઈનુ અવસાન થયુ તે પછી તે જમીન ત્રાહીત ખોડાભાઈ લલ્લુભાઈના નામે ચાલતી હતી. એન્ટ્રી નં.૨૮૬૫ થી ખોડા લલ્લુના નામેથી અંબારામ બેચરભાઈ એટલે કે દાવાના પ્રતિવાદીના પિતા અને બેચરભાઈ ના પુત્રના નામે થયેલી.૧૯૬૧–૧૯૬૨ થી ૧૯૮૫–૧૯૮૬ ના ગામ નમુના નંબર તેના સમર્થનમા રજુ કરેલા છે અને તે પરથી વાદીના પક્ષનિવેદનના પાયા તરીકે દર્શાવેલ હકીકત ખોટી હોવાનુ સ્પષ્ટ થાય છે તે જ રીતે બ્લોક નં .૬૬૭ વાળી જમીનનો મુળ સર્વે નં.૫૪૦/૧ હતો.તે જમીન પણ બેચરભાઈના અવસાન બાદ ત્રાહીત બળદેવભાઈ ના નામે ચાલતી હતી.એન્ટ્રી નં.૨૮૬૯ થી તે અંબારામના નામે થયેલી.તે દસ્તાવેજ ૭/૧૨ના ઉતારા ૧૯૬૧–૧૯૬૨ થી ૧૯૮૩–૧૯૮૪ ના રજુ રાખેલ છે.આમ,બંને જમીનો ત્રાહીતના નામે છે.અં બારામ બેચરભાઈના નામે દાખલ થયેલ તે દર્શાવતી નોંધ રજુ રાખેલ છે પરંતુ જુની નોંધનુ રેકર્ડ હોવાથી અવાચ્ય જણાય છે પરંતુ તે નોંધો તા.૧૧/૧૧/૧૯૬૬ નારોજ પ્રમાણિત થયેલ છે.બેચરભાઈ જોઈતાભાઈનુ અવસાન થતા હીન્દુ વારસા અધિનીયમ ૧૯૫૬ અમલમા આવ્યુ તે અગાઉ થયેલ છે.અનકોડીફાઈડ હીન્દુ લો મુજબ બેચરભાઈની પુત્રીઓને બેચરભાઈની મિલકતમા કોઈ હકક મળે નહી. અન્ય કોઈ મુદ્દો ચકાસ્યા વગર કાયદાની પરિસ્થિતિ લક્ષમા લેતા દાવાનુ રીયલ કોઝ ઓફ એકશન ગણાય નહી.વધુમા,પક્ષનિવેંદનની વિગતે ચાલાકીપુર્વકનુ લખાણ કરેલ છે.એન્ટ્રી નં.૩૦૯૩ થી બેચરભાઈની દીકરીઓનો હકક ડુબાડવાની વાદીની રજુઆત માનવામા આવે તો પણ સબંધીત સમયે દાવાનુ કારણ તે ત્રણ દીકરીઓને ઉત્પન્ન થયેલુ ગણાય.**તેઓએ તેમની હયાતીમા એન્ટ્રી નં.૩૦૯૩ તેમની હયાતી દરમયાન પડકારેલી નથી તેથી રીયલ ઓકઝ ઓફ એકશન ઉભુ થયાનુ ગણાય નહી**. સપ્ટેમ્બર ૧૯૬૬ મા દાવાવાળી જમીન પૈકી બ્લોક નં.૫૬૭ તથા ૬૬૭ નોંધ નં.૨૮૬૫ તથા ૨૮૬૯ થી ત્રાહીતના નામેથી અં

બારામ બેચરના નામે દાખલ થયેલ.**આમ દાવાવાળી જમીન પૈકી તે બે જમીન બાબતે કોઝ ઓફ એકશન ઉભુ થયાનુ જણાય નહી.**તા.૮/૧/૧૯૭૭ ના રોજ કહેવાતો હકક ડુબાડેલાનુ વાદીનુ પક્ષનિવેદન ધ્યાને લેતા ૪૨ વર્ષનો સમય વીતેલ છે.વધુમા,સબંધીત સમયે મહેસુલ અધિકારી રૂબરૂ રઈબેન,સંતોકબેન અને કંકુબેને એન્ટ્રી ન.૩૦૯૪ પ્રમાણિત કરવા જરૂરી જવાબ આપેલા આમ જેનો સબંધીત સમય હકક ડુબાડવામા આવેલાની રજુઆત છે **તે ત્રણેય જણાને સબંધીત સમયની જાણકારી હતી**.વધુમા,તા.૭/૮/૨૦૦૧ ના રોજ કંકુબેન ના પતિ ઈશ્વરભાઈ મણીલાલ કે જે અમદાવાદ જીલ્લાના ધોળકા તાલુકાના મોજે ત્રાસદની સીમના જુદા જુદા કુલ ૧૯ સર્વે નંબરની જમીન ધરાવતા હતા અને તેમનુ અવસાન થતા તેમના અવસાનના કારણે તા.૧/૨/૨૦૦૨ નારોજ ઈશ્વરભાઈ મણીલાલની તમામ જમીનના મહેસુલી દફતરમા કંકુબેનનુ નામ એટલે કે દાવાના વાદી નં.૧/૧/૧ અને ૧/૧/૨ ના પિતા તથા રમીલાબેન ઈશ્વરભાઈ એટલે કે **દાવાના વાદી નં.૧/૧/૩ ના નામ એન્ટ્રી નં. ૪૬૮૯ થી દાખલ થયેલા.આમ,કંકુબેન સહિતના વાદી નં.૧/૧ થી ૧/૩ નાઓને મોડામા મોડી તા.૧/૨/૨૦૦૨ના દીવસે તે હકીકતોની જાણકારી હોય.તે પોતે કોઈ મિલકતમા પોતાનો હકક વારસાઈ હકકતથી પ્રાપ્ત કરેલાનુ માનતા હોય તે જમીનના મહેસુલી દફતરે વારસાઈ નોંધ કરાવવાની થાય.**આમ,તેઓની વાદવાળી મિલકતમા એટલે કે પિયરની મિલકતમા હકક જતો કરેલાની વિગત સ્પષ્ટ થાય છે.વધુમા,તા.૩૧/૧/૧૩ ના રોજ વાદી નં. ૨/૧ થી ૨/૪ ના પિતા એટલે કે બેચરભાઈના દીકરી સંતોકબેનના પતિ અંબારામભાઈ અવસાન પામેલા અને તે પણ ધોળકા તાલુકાના ત્રાસદ ગામમા ખેતીની જમીન ધરાવતા હતા.આમ,આ વિગત ધ્યાને લેતા વાદીઓને તેઓનો હકક જતો કરેલ તેની જાણ હતી તેવુ સ્પષ્ટ જણાય છે.તા.૪/૨/૨૦૧૬ ના રોજ દાવાવાળી જમીન સહિતની મોજે ઘુમાની સીમના જમીનનો ટાઉન પ્લાનીંગ સ્કીમ મંજુર થવાથી મુળ બ્લોક નંબરવાળી જમીનોમાથી કપાત બાદ જુદા જુદા માપના ફાયનલ પ્લોટ જમીનમાલીકને ફાળવવામા આવેલ છે આમ સ્થળ ઉપર જમીનનુ અસ્તિત્વ નથી.આ રીતે પણ દાવાનુ રીયલ કારણ ઉભુ થતુ નથી.<u>તા.૪/૨/૨૦૧૬ ના રોજ દાવાવાળી જમીન સહિત મોજે ઘુમાની સીમની જમીનો ટાઉન પ્લાનીગ સ્કીમમા કપાત ગયા બાદ જુદા જુદા માપના ફા.પ્લોટ ફાળવવવામા આવેલ છે.આમ,વાદી જણાવે છે તેવી જમીન સ્થળ ઉપર આવેલી નથી</u>.વાદીએ કંકુબેનનુ તા.૧૬/૮/૧૬ નારોજ અવસાન થયેલાની વિગત જણાવેલી છે તેમના નામે ચાલતી મોજે ત્રાસદ ગામની જમીનમા વાદી નં.૧/૧ તથા ૧/૨ ના એ પોતાના નામ દાખલ કરાવેલ. કંકુબેનના સંતાન પૈકી બળદેવભાઈનુ તા.૧/૫/૧૭ ના રોજ અવસાન થયેલ. બળદેવભાઈના નામે ચાલતી જમીન મહેસુલી દફતરે વાદી નં.૧/૨/૧ તથા ૧/૨/૨ નાએ તા.૧૨/૧૦/૧૭ ના રોજ ત્રાસદ ના ગામ નમુના ન.૬ મા નોધ નં.૫૯૫૯ કરાવેલી.સંતોકબેન તે બેચરભાઈની દીકરીનુ તા.૩૦/૫/૧૩ નારોજ અવસાન થયેલાની તથા સંતોકબેનને તેમના પતિના અવસાન બાદ પ્રાપ્ત કરેલ મિલ્કત અંગે મહેસુલી નોધ થયેલાની વિગેરે હકીકતો છુપાવી દાવાના કારણની ઉત્પત્તિનો સમય રેકર્ડ

પર ન આવે તે સ્વરૂપે ચાલાકીપૂર્વક પક્ષનિવેદન કરેલ છે.તા.૧૬/૧/૨૦૧૯ ના રોજ વાદીએ દાવા નં .સ્પે.દિ.મુ.૨૮/૨૦૧૯ નો દાખલ કરેલ. તે દાવાનુ પક્ષનિવેદન જોતા તે દાવો માત્ર બ્લોક નં.૬૫૮ વાળી જમીન બાબતનો હતો આ દાવો તે ઉપરાંતની જમીન સબંધે હોવા સિવાય અન્ય વિગતો અં ગે એકસરખો છે.આમ વાદીએ તે દાવાની વિગત સિવાયના સર્વે નંબર બાબતની દાદ જતી કરેલ ગણાય.દિવાની કાયદાના ઓર્ડર ૨ રૂલ ૨ ની જોગવાઈ અનુસાર બ્લોક નં.૬૫૮ સિવાય બાકીની જમીન બાબતે દાવો ચાલવાપાત્ર થાય નહી.તે દાવાના કામે વાદી ધ્વારા જણાવેલ છે કે,તેમના માતાપિતાની જમીન બાબતે તેમને કોઈ જાણકારી ન હતી.વાદીની માતાના અવસાન બાદ થોડા સમય અગાઉ વાદીને અન્ય કુટું બીજનો ધ્વારા વાદીના નાના સ્વ.બેચરભાઈ જોઈતાભાઈની માલીકી કબ્જા ભોગવટાની જમીનો હોવાનુ જાણવા મળેલ.આથી વાદીએ સને વર્ષ ૧૯૪૦ થી જરૂરી રેકર્ડ મેળવતાં વાદીને જાણકારી મળેલી.આ દાવામાં તે વિગત બદલી કાઢી પેરા.૮માં જણાવેલ છે કે,હાલનો દાવો કર્યો ત્યારથી અગાઉ તાજેતરમાં વાદીએ પોતાની સાસરીમાં જમીન ખરીદ કરવાની હોવાથી તેમને પોતાના મોસાળમાં આવેલ જમીનના રેવન્યુ રેકર્ડમાં બેચરભાઈના વારસ તરીકે વાદીનુ નામ ચાલતુ હોવાનુ વાદી માનતા હતા અને તે કારણસર તા.૨૯/૪/૨૦૧૯ ના રોજ રેવન્યુ રેકર્ડના દસ્તાવેજ કઢાવતાં વાદવાળી જમીનનામાલીક કબ્જેદાર તરીકે પ્ર તિવાદી નં.૧ થી ૫ ના નામ ચાલતા હોવાનુ જાણવા મળેલ આ દાવો સમયમર્યાદામાં હોવાની વિગત સબંધ બતાવવા તા.૨૯/૪/૨૦૧૯ ના રોજ પ્રથમ વખત જાણકારી મળેલાનુ જણાવી ચાલાકીપૂર્વક પક્ષનિવેદન કરેલ છે.વધુમાં વાદી ધ્વારા પુરતી વિગતો જણાવેલ નથી દાવો સમયમર્યાદા બહાર છે તેમ જણાવી અરજી મં જુર કરવા જણાવેલ છે.

(૨).. વાદી ધ્વારા સદર અરજીનો જવાબ **આંક. ૩૦** થી રજુ કરવામા આવેલ છે.આ જવાબની મહત્વની વિગતે જણાવેલ છે કે,પ્રતિવાદીની સદર અરજી કાયદા વિરૂધ્ધની છે.સદર અરજીની વિગતો પાટાફેર,ખોટી બનાવટી અને બદઈરાદાપૂર્વક રજુ કરેલ છે તે વાદીઓને કબુલમંજુર નથી.વાદીઓએ પ્રતિવાદી નં.૧થી૫ વિરૂધ્ધ આ દાવા અગાઉ અન્ય દાવો **રે.દી.મુ.નં.૨૮/૨૦૧૯** દાવાવાળી જમીનની વંહેચણી માટે દાખલ કરેલ છે. તે દાવો ચાલતા દરમ્યાન પ્રતિવાદીનં.૧ થ ૫ ધ્વારા પ્રતિવાદીનં.૬ ને **તા.૨૯/૪/૨૦૧૯** ના રોજ વેચાણ દસ્તાવેજ અનુક્રમનં.૫૫૦૫ થી કરી નાખેલ છે તેથી પ્રતિવાદી નં.૬ નેજોડી આ દાવો કરેલછે.પ્ર તિવાદીનં.૧થી ૫ ધ્વારા સી.પી.સી.ઓ.૭ રૂલ ૧૧ એ તથા ડી મુજબ અરજી કરેલ તેમાં હાલની અરજી જેવી વિગતો જણાવેલ હતી.તે દાવામાં સદર ઓ.૭ રૂલ ૧૧ ની અરજી તા.૨૯/૮/૨૦૨૪ નારોજ નામંજુર કરેલ છે.તે કામે કોઝ ઓફ એકશન તથા લીમીટેશનનો મુદ્દો નકકી થઈ ગયેલ છે તેથી હાલની અરજી રદ થવા પાત્ર છે.બેચરભાઈ જોઈતાભાઈનુ અવસાન તા.૨૪/૧૧/૧૯૫૫ ના રોજ થયેલ હોઈ તે બાદ આજરોજ સુધી સદર જમીનમાં વારસદારો વચ્ચે વહેચણી કે વિભાજન થયેલ નથી.આથી તમામ જમીનો સંયુકત માલીકી કબ્જા ભોગવટાની ગણવા હાઈકોર્ટે જણાવેલ હોઈ તે સંજોગોમાં બેચરભાઈના અવસાન બાદ તેના

પુત્રએ પુત્રીઓના નામ મહેસુલ રેકર્ડે દાખલ ન કરાવી હકક ડુબાડવાના કારણે બેચરભાઈની પુત્રીઓના વારસદારની હેસીયતથી વાદીએ હકક પ્રાપ્ત કરેલાની હકીકતના આધારે દાવો દાખલ કરેલ છે.સબંધિતસમયની પ્રવર્તમાન કાયદાકીય પરિસ્થિતિ મુજબ બેચરભાઈની પુત્રીઓને કોઈ હકક ન હોવાની તેમજ વાદીઓનો તેવો હકક હોવા અંગેની કોઈ કાયદાકીય પરિસ્થિતિ દર્શાવી ન હોવાથી તેને દાવાનુ કારણ ગણી ન શકાય તે વિગત ખરી નથી.રેવન્યુ કોડ મુજબ જો વારસદારના નામ દાખલ થયેલ ન હોય તો રેવન્યુ નોંધથી માલીકી હકક નકકી થતા નથી.દિવાની કોર્ટ હકક હિસ્સા નકકી કરે તે મુજબ રેવન્યુ આથોરીટીએ નોધ કરવાની રહે.દાવાનુ કારણ દર્શાવેલ ન હોવાની વિગત ખરી નથી.કંકુબેન,શણગારબેન અને સંતોકબેનના અવસાન વખતે તેઓ બેચરભાઈ જોઈતાભાઈના વારસદારો હતા મિલ્કતની વહેંચણી કરવામાં આવેલ ન હોઈ તમામ મિલ્કત સંયુકત માલીકી કબ્જા ભોગવટાની ગણાય.દિકરીના હકક ૨૦૦૫ પહેલાના યાને પાષ્ચ્યાતવર્તી અસરથી આપવાનુ સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે તેથી આવી તકરારો રદબાબતલ છે.આમ મિલ્કતમાં વાદીઓનો હકક પોસાતો હોઈ સમયમર્યાદા બાદ દાવો કરેલાની વિગત ખરી નથી મિલ્કત બાબતના મુદદા નકકી થયેલ હોઈ રેસજયુડીકેટાનો બાધ હોઈ અરજી રદ થવાપાત્ર છે.

(૩) **સ**દર અરજી લગત પક્ષકારોના વિ.વકીલશ્રીઓની રજુઆત સાંભળવામા આવી.પ્રતિવાદી પક્ષ તર્ફે તેઓની અરજી મુજબ રજુઆત કરવામા આવેલ છે વધુમાં જણાવેલ છે કે,દાવાઅરજી તૈયાર થવાની તારીખ ધ્યાને લેવા તથા વાદીના પક્ષનિવેદનની સ્વીકૃત વિગત પેરા.૪મુજબ તા.૨૪/૧૧/૫૫ મહત્વની છે.૧૯૭૭માં નોંધ પડેલ માત્ર દિકરાનુ નામ દાખલ થયેલ દિકરીઓ ધ્વારા તેમના જીવતે જીવ કોઈ રજુઆત કરેલ નથી વધુમાં સદર દિકરીઓ ધ્વારા તેમનો હકક જતો કરેલ હોવાની વિગતનો તલાટી રૂબરૂ જવાબ આપેલ આમ વાદવાળી જમીનમાંથી હકક ઉઠાવી લીધા બાદ તેવા હકક ઉઠાવનારા વારસો ધ્વારા તદ્દન ખોટી રીતે લાંબા સમય બાદ દાવો દાખલ કરેલ હોઈ તે ટકવાપાત્ર થાય નહી તેમ જણાવી નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયિક નિર્ણય લક્ષ્મીબેન રામુભાઈ મગનભાઈ વિરૂધ્ધ વાસુદેવભાઈ ગાંડાભાઈ પટેલ તથા ધનીબેન મોરારભાઈના કેસના કામના ન્યાયિક નિર્ણય રજુ કરી તે પર આધાર રાખતાહોવાનુ જણાવેલ છે.

પ્રતિવાદીનં.૬ તર્ફે આંક.૨૯ થી તેમની રજુઆત દાખલ કરેલ છે.આ રજુઆત લેખીત સ્વરૂપમાં રજુ હોઈ તેની અક્ષરસહ વિગત અત્રે વર્ણવવી ઉચિત જણાયેલ નથી તેથી વર્ણવેલ નથી પરંતુ સમગ્ર રજુઆત વંચાણે લેવામાં આવેલ છે.આ રજુઆતની વિગતે જણાવેલ છે કે,તેઓ પ્રતિવાદીનં.૧થી૫ તર્ફે થયેલ અરજી પર આધાર રાખેછે.બેચરભાઈના અવસાન વખતે ત્રણેય દિકરીઓના હકક દલીલ ખાતર માનવામાં આવેતો પણ ત્રણેય દિકરીઓ ધ્વારા તેમની હયાતી દરમ્યાન તેમનો હકક હોવાની તેઓએ કોઈ રજુઆત કરેલ નથી.સદર દિકરીઓને નોધ નં.૩૦૯૩થી બાકાત રાખવામાં આવ્યા હોય તો તે સમયથી બાર વર્ષમાં દાવાનુ કારણ ગણાય તા.૮/૧/૭૭ નારોજથી દાવાનુ કારણ ગણતાં તા.૮/૧/૧૯૮૯ના રોજ બાદ દાવો સમયમર્યાદા બહાર ગણાય.આમ દાવાનુ સાચુ કારણ ગણાય નહી અને તેથી દાવા અરજી રદ થાય.

વધુમા વાદી પક્ષ તર્ફે હાજર વિ.વકીલશ્રી ધ્વારા તેમની રજુઆતની વિગતે તેમના રજુ જવાબની વિગત જેવી વિગત જણાવેલ છે વધુમા જણાવેલ છે કે અન્ય દાવાના કામે કોર્ટ ધ્વારા પ્રતિવાદીની અરજી નામંજુર કરેલ છે તેથી સદર મુદદો નિર્ણિત થયેલ છે અને આ કામે પણ તેવી જ હકીકત હોઈ અરજી રદ થાય. ગુજરનારની દિકરીઓ ધ્વારા કોઈ હકક જાતે કરેલ નથી તેવા દસ્તાવેજ ખોટા ઉભા કરેલ છે.તેમ જણાવી નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર હાઈકોર્ટના ન્યાયિક રજુ કરી તે પર આધાર રાખતા હોવાનુ જણાવેલ છે.

(૪).. પ્રતિવાદીની સદર અરજીની વિગત ધ્યાને લઈ વિચારણા કરતા હાલની અરજી જયારે દીવાની કાર્યરીતીના કાયદાના ઓર્ડર ૭ રુલ ૧૧ અન્વયે છે ત્યારે સદર જોગવાઈ અત્રે વર્ણવવી ઉચિત જણાય છે અને તે નીચે મુજબ છે.

**Order VII -- Rule 11.. Rejection of plaint :**

The plaint shall be rejected in the following cases:-

(a)where it does not disclose a cause of action;

(b)where the relief claimed in undervalued, and the plaintiff, on being required by the Court to correct the valuation within a undefined time to be fixed by the Court, fails to do so;

(c) where the relief claimed is properly valued but the plaint is written upon paper insufficiently stamped, and the plaintiff, on being required by the Court to supply the requisite stamp-paper within a time to be fixed by the Court, fails to do so;

(d)where the suit appears from the statement in the plaint to be barred by any law;

(e) where it is not filed in duplicate;

(f) where the plaintiff fails to comply with the provisions of rule 9 Provided that the time fixed by the Court for the correction of the valuation or supplying of the requisite stamp-paper shall not be extended unless the Court, for reasons to be recorded, is satisfied that the plaintiff was prevent by any cause of exceptional nature for correction the valuation or supplying the requisite stamp-paper, as the case may be, within the time fixed by the Court and that refusal to extend such time would cause grave injustice to the plaintiff."

આમ,સદરહુ જોગવાઈ મુજબની કોઈ **ક્ષતિ** જણાયે અદાલત દાવા અરજ નામંજુર કરી શકે છે.આમ સદર જોગવાઈ નજર સમક્ષ રાખતા પક્ષકાર ધ્વારા અરજી થાય તો જ આ જોગવાઈ અન્વયે હુકમ કરી શકાય તેવી જોગવાઈ જણાયેલી નથી.અદાલત દાવા અરજી અને તે સાથે રજુ દસ્તાવેજી આધાર ધ્યાને લઈ દીવાની કાર્યવાહીના અધિનિયમની આ જોગવાઈ અન્વયે જરૂરી હુકમ પસાર કરી શકે છે.આ જોગવાઈ ધ્યાને લઈ વિચારણા કરતાં આ જોગવાઈ સબંધની અરજીઓની બાબત ન્યાયનિર્ણિત થવા સબંધે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા તથા વિવિધ હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ છે કે, આવી અરજીનો નિર્ણય કરવાના તબકકે વાદીને દાવા અરજી તેમા જણાવેલ સમગ્ર હકીકતો અને તે સંલગ્ન રજુ થયેલા દસ્તાવેજી આધારોને અદાલતે ધ્યાને લેવાના હોય છે.આ પ્રકારની અરજીના ન્યાય નિર્ણય સંબધે પ્રતિવાદીપક્ષનો બચાવ ધ્યાને લઈ શકાય નહી તથા આ સબંધે અદાલતની ફરજ તથા માત્ર નિરર્થક ભારપૂર્વકના કથન અને ચાતુર્યભર્યા લખાણથી જો દાવો સમય મર્યાદા બહારનો હોય તો તેને સમયમર્યાદામાં લાવી શકાય નહી.

(૫) ..આ બાબત ધ્યાને લઈ નામદાર સર્વોચ્ચ અદાલતના સીવીલ અપીલ નં.૫૮૧૯/૨૦૨૧ રાજેન્દ્ર બજોરીયા વિરૂધ્ધ હેમંત કુમાર જૈનના ન્યાયીક નિર્ણયના કામે નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા અવલોકન કરેલી બાબત ધ્યાને લેવી જરૂરી જણાય છે અને તે નીચે મુજબ છે.

13. No doubt that, it is rightly contended on behalf of the plaintiffs that, **only** on the basis of the averments made in the plaint, it could be ascertained as to whether a cause of action is made out or not. It is equally true that for finding out the same, the **entire pleadings** in the **plaint** will have to be read and that too, at their face value. At this stage, the **defence taken by the defendants cannot be looked into.**

14. ................................................

15. **It could thus be seen that this Court has held that reading of the averments made in the plaint should not only be formal but also meaningful. It has been held that if clever drafting has created the illusion of a cause of action, and a meaningful reading thereof would show that the pleadings are manifestly vexatious and meritless, in the sense of not disclosing a clear right to sue, then the court should exercise its power under Order VII Rule 11 of CPC. It has been held that such a suit has to be nipped in the bud at the first hearing itself.**

16. .................................

17. .................................

18. .................................

19. We are in complete agreement with the findings of the High Court. Insofar as

the reliance placed by Shri Jain on the judgment of this Court in the case of Dahiben (supra), to which one of us (L. Nageswara Rao, J.) was a member, is concerned, in our view, the said judgment rather than supporting the case of the plaintiffs, would support the case of the defendants. Paragraphs 23.3, 23.4, 23.5 and 23.6 in the case of Dahiben (supra) read thus:

"23.3. The underlying object of Order 7 Rule 11(a) is that if in a suit, no cause of action is disclosed, or the suit is barred by limitation under Rule 11(d), the court would not permit the plaintiff to unnecessarily protract the proceedings in the suit. In such a case, it would be necessary to put an end to the sham litigation, so that further judicial time is not wasted.

23.4. In Azhar Hussain v. Rajiv Gandhi [Azhar Hussain v. Rajiv Gandhi,1986 Supp SCC 315. Followed in Manvendrasinhji anjitsinhji Jadeja V.Vijaykunverba,1998.SCC OnLineGuj281 : (1998) 2 GLH 823] this Court held that the whole purpose of conferment of powers under this provision is to ensure that a litigation which is meaningless, and bound to prove abortive, should not be permitted to waste judicial time of the court, in the following words :
(SCC p. 324, para 12) "12. ...

The whole purpose of conferment of such powers is to ensure that a litigation which is meaningless, and bound to prove abortive should not be permitted to occupy the time of the court, and exercise the mind of the respondent. The sword of Damocles need not be kept hanging over his head unnecessarily without point or purpose. Even in an ordinary civil litigation, the court readily exercises the power to reject a plaint, if it does not disclose any cause of action." 23.5. The power conferred on the court to terminate a civil action is, however, a drastic one, and the conditions enumerated in Order 7 Rule 11 are required to be strictly adhered to. 23.6. Under Order 7 Rule 11, a duty is cast on the court to determine whether the plaint discloses a cause of action by scrutinising the averments in the plaint [Liverpool & London S.P. & I Assn. Ltd. v. M.V. Sea Success I, (2004) 9 SCC 512] , read in conjunction with the documents relied upon, or whether the suit is barred by any law."

20. It could thus be seen that this Court has held that the power conferred on the court to terminate a civil action is a drastic one, and the conditions enumerated under Order VII Rule 11 of CPC are required to be strictly adhered to. However, under Order VII Rule 11 of CPC, the duty is cast upon the court to determine whether the plaint discloses a cause of action, by

scrutinizing the averments in the plaint, read in conjunction with the documents relied upon, or whether the suit is barred by any law. This Court has held that the underlying object of Order VII Rule 11 of CPC is that when a plaint does not disclose a cause of action, the court would not permit the plaintiff to unnecessarily protract the proceedings. It has been held that in such a case, it will be necessary to put an end to the sham litigation so that further judicial time is not wasted.

આમ ઉપર વર્ણવેલ કાયદાકીય જોગવાઈ તથા અવલોકનો નજર સમક્ષ રાખી વિચારણા કરતા વાદી ધ્વારા હાલનો દાવો વાદી ધ્વારા અમદાવાદ જીલ્લાના દસ્ક્રોઈ તાલુકાના મોજે–ઘુમાના **બ્લોકનં .૬૫૮**(જુના સર્વેનં.પરર/૪)ની પર૬૭ ચો.મી જમીન તેનો ડ્રાફ્ટ પ્લાનીંગ સ્કીમનં.૩(ઘુમા)નાફાઈનલ પ્લોટ નં.૧૧૯ ની કુલ.૩૪૬૦ ચો.મી.જમીન **તથા બ્લોકનં.૫૬૭**ની હે.આરે.ચોમી.૦.૪૮.૫૬ આકાર રૂ.૪.૧૯ તથા **બ્લોકનં.૬૬૭** ની હે.આરે.ચોમી.૦.૧૬.૫૯ આકાર રૂ.ર.૧૯ વાળી ખેતીની જમીનોમા વાદીઓનો મર્હુમ બેચરભાઈ જોઈતારામની સગી પુત્રીની હેસીયતથી સીધીલીટીના વારસદારની રૂએ વડીલોપાર્જીત વણવંહેચાયેલ હકક વાદવાળી જમીનમા રહેલો છે તે સબંધે કરેલ છે.વાદીના વડવા મર્હુમ બેચરભાઈ જોઈતારામના નામે રેકર્ડે સને વર્ષ.૧૯૫૦–૫૧નાઅરસામાં ચાલતી હતી.તેમનુ અવસાન **તા.ર૪/૧૧/૧૯૫૫** નારોજ થયેલ તેઓ બિનવસીયતે અવસાન થયેલા.તેમના અવસાન બાદ પ્રતિવાદી નં .૧થી ૫ ના મરહુમ પિતા યાને કે વાદીના વડવાઓના સગાભાઈનાએ વાદીના વડવાઓના મર્હુમ બેચરભાઈ જોઈતારામની સગી બહેનો હયાત હોવા છતાં તેમને કોઈપણ જાતની જાણ કર્યા વિના એકતર્ફી સ્વરૂપે માત્ર તેઓ એકલા જ મર્હુમ બેચરભાઈના પુત્ર હોય અને તેમને અન્ય કોઈ વારસદાર ન હોય તે રીતે રેવન્યુ રેકર્ડે **તા.૮/૧/૧૯૭૭ ના રોજ ફેરફાર નોધ નં.૩૦૯૩** એકતર્ફી સ્વરૂપે રેવન્યુ ઓથોરીટીને ગેરમાર્ગે દોરી કુદરતી ન્યાયનિતિના સિધ્ધાંત વિરૂધ્ધ કરાવી દિધેલ.આ નોંધ હકીકત તથા પુરાવાથી વિપરીત છે. મર્હુમ કંકુબેન , મર્હુમ શણગારબેન તથા મર્હુમ સંતોકબેન તે બેચરભાઈ જોઈતારામની દિકરીઓ તરીકે હિંદુ લોની જોગવાઈ મુજબ ૩/જમો વગર વહેચાયેલ હકક હિસ્સો પોસાય છે છતાં ખોટી નોધ થયેલ છે.આમ,૧૯૭૭ ના રેવન્યુ રેકર્ડમા ફેરફાર થવા બાબતની વિગત ર૦ર૦ ના વર્ષમા પડકરાવામા આવેલ છે.વધુમા,વાદીપક્ષ તરફથી જણાવવામા આવે છે કે,વાદીએ **આ બાબતની રેકર્ડે ર૦૧૯ ના વર્ષમાં સર્ચ કરાવતા આ નોંધ નં.૩૦૯૩ની રદ કરાવવા માટે જમીન મહેસુલ નિયમ.૧૦૮(૫) મુજબ મદદનીશ કલેકટરશ્રી દશ્ક્રોઈ પ્રાંત સમક્ષ અપીલ કરેલ**.તે કામે પ્રતિવાદી ધ્વારા જવાબ રજુ કરેલ અને તેમાં વાદીના મર્હુમ વડવા મર્હુમ કંકુબેન , મર્હુમ શણગારબેન તથા મર્હુમ સંતોકબેન તે બેચરભાઈ જોઈતારામની દિકરીઓએ કહેવાતા સ્ટેમ્પ પેપર પર સને વર્ષ ૧૯૫૮માં ગામ આગેવાન તથા પંચોની હાજરીમાં કરવામાં આવેલ કહેવાતુ લખાણ ઝેરોક્ષ રજુ કરેલ. આ લખાણમાં વાદીઓની માતાની સહી નથી . તે ઉપજાવી કાઢેલછે. આ બાબતની રેવન્યુ કાયદા મુજબ પ્રોસીજર ફોલો થયેલ નથી.

આમ,<u>વાદીઓદ્વારા જે વિગત જણાવેલ છે તે ધ્યાને લઈ વિચારણા કરતાં વાદીઓના વડવા મર્હુમ બેચરભાઈ જોઈતાભાઈનુ અવસાન **તા.૨૪/૧૧/૧૯૫૫** ના રોજ થયેલ.વાદીઓ બેચરભાઈ જોઈતારામની દિકરીઓના સંતાનો છે.બેચરભાઈની દિકરીઓ અવસાન પામેલ છે.</u> પ્રતિવાદીપક્ષની અરજીની વિગતે વાાદવાળી જમીન ૧૯૫૫ના વર્ષમાં બેચરભાઈ જોઈતાભાઈના નામે ચાલી આવેલ હતી ત્યારથી તે બાદની જે જે તારીખોએ વાદવાળી જમીન સબંધમાં જે પ્રકારની નોઘ રેવન્યુ રેકર્ડમાં પડેલ તે તથા વાદીઓના વડવાઓના મરણ સબંધની તારીખ તથા વાદવાળી જમીનના વ્યવહારનો ક્રમવાર સમગ્ર ઘટનાક્ર મ વર્ણવી,જણાવેલ છે કે,સર્વેનં.૫૬૭ વાળી જમીનનો અગાઉ સર્વેનં..૪૭૦નો હિસ્સાનં.૧ હતો.આ જમીનબેચરભાઈના અવસાન બાદ ત્રાહિત ખોડાભાઈનેનામે ચાલતી હતી.તે જમીન નોઘનં.૨૮૬૫ થીપ્ર તિવાદીના પિતાના નામે થયેલ.તથા અન્ય સર્વે નં.૫૬૭ની જમીનનો મુળ સર્વે નં.૫૪૦૧ હતો અને તે જમીન ત્રાહિત બળદેવભાઈના નામે હતી અને નોંઘ નં. ૨૮૬૯ થી તે અંબારામ બેચરભાઈ ના નામે થયેલી.વઘુમા,તે બંને નોંધો ૧૯૬૬ ના વર્ષમા પ્રમાણિત થયેલી અને બેચરભાઈના અવસાનના ઘણા લાંબા સમય બાદ તે નોંધ થયેલી અને અંબારામ બેચરભાઈ ના નામે થયેલી.તે વિગત સ્પષ્ટ જણાયેલી છે.વઘુમા,દાવાઅરજીની વિગતે દાવાના કારણ સબંધે જે પક્ષનીવેદન કરેલ છે તે દાવાનુ રીયલ કારણ ગણી શકાય નહી અને તેવુ કારણ ચાલાકી ભરી રીતે કરેલ છે તેવુ જણાવેલ છે.વઘુમા,લાંબા સમયની સમયમર્યાદા બાદ એટલે કે ૪૨ વર્ષ બાદ દાવો કરેલ છે અને દાવાો કરનારના માતાએ હકક જતો કરેલ હોવાની વિગત એન્ટ્રીના મુળ તુમારની વિગતે જણાયેલ છે.

દાવાઅરજીની વિગતમા વાદવાળા સર્વે નં. મર્હુમ બેચરભાઈ જોઈતાભાઈના તથા તેવી મિલકતમા બેચરભાઈ ની સગી પુત્રીઓના વારસદાર તરીકે હકક માગણી કરેલ હોવાની વિગત જણાવેલી છે.બેચરભાઈ જોઈતાભાઈનુ અવસાન તા.૨૪/૧૧/૧૯૫૫ નારોજ થયેલ તેવી વિગત સ્વીકૃત વિગત છે. વઘુમા,દાવાઅરજીના પક્ષનિવેદનમા જણાવેલ છે કે રેવન્યુ રેકર્ડમા પડેલી ફેરફાર નોઘ નં.૩૦૯૩ ખોટી રીતે પડેલ છે. કલેકટરશ્રી સમક્ષ લેન્ડ રેવન્યુ કોડની જોગવાઈ મુજબ રીવીઝન થયેલી ત્યારે પ્રતિવાદીપક્ષ તરફથી વાદીઓના મર્હુમ વડવા કંકુબેન,શણગારબેન અને સંતોકબેનના સ્ટેમ્પ પેપર ઉપરના લખાણો રજુ કરવામા આવેલા તેમા વાદીઓના માતાની સહીઓ નથી અને તેવી વિગત ખોટી છે.દાવાઅરજી સાથેના દસ્તાવેજી આઘારોમા વાદીપક્ષ તરફથી ૭/૧૨ અને ૮ અ ના ઉતારા રજુ કરેલ છે જે દસ્તાવેજો મા પ્રતિવાદી નં.૧ થી ૫ ના નામ માલીક કબજેદારના નામના કોલમમા જણાયેલ છે.આરટીએસ અપીલ નં.૭/૧૯ ના હુકમ ધ્યાને લેતા તે તા.૮/૧/૧૯૭૭ ના રોજની વારસાઈ નોઘ નં.૩૦૯૩ ને વાદીઓ દવારા પડકારવા માટે થયેલ વિલંબ માફ કરવા અરજ કરેલી તે સક્ષમ અધિકારી દવારા નામંજુર કરેલી તે બાદ જીલ્લા કલ ેટકરશ્રી સમક્ષ આવી બાબત પડકારવામા આવેલી અને તે અંગેનો હુકમ રજુ રાખેલ નથી. તે બાદ વાદવાળી મિલકત સબંધમા થયેલ વેચાણ દસ્તાવેજ કે જે પ્રતિવાદી નં.૧ થી ૫ દવારા પ્રતિવાદી નં. ૬ ને મિલકત

વેચાણ કરવા સબંધેનો છે.તે દસ્તાવેજની વિગતે વાદવાળી મિલકતના માલીક બેચરભાઈ જોઈતાભાઈનુ બીનવસીયતી અવસાન થયેલ અને તેઓના પત્નીનુ અવસાન થયેલ અને વારસોમા પ્રતિવાદીના પિતા અં બારામ બેચરભાઈ હોવાની વિગત જણાવેલી છે.વધુમા તે સિવાય બેચરભાઈની ત્રણ પુત્રીઓ વારસોમા હતી અને તેઓ ધ્વારા દવારા ૧૯૫૮ નાવર્ષમા તેઓનો હકક જતો કરેલ હોવાની વિગત અને તે રીતની કૌટું બિક સમજુતી થયેલ હોવાની વિગત વર્ણવેલી છે.વાદીના પક્ષનીવેદનના સમર્થનમા આવો હકક જતો કરવા બાબતના કથન કરી તે વિગત ખોટી હોવાનુ જણાવેલ છે પરંતુ તેવા દસ્તાવેજી આધાર તે કથનના સમર્થનના વાદીપક્ષ તરફથી રજુ દસ્તાવેજની વિગતે જણાયેલ નથી.

આમ,ઉપર વર્ણવવામા આવેલી દાવા અરજીની વિગત પ્રતિવાદીપક્ષની અરજીનુ કથન નજરસમક્ષ રાખી દાવો દાખલ થવાનો સમય ધ્યાને લઈ સમયમર્યાદાના કાયદાના **આર્ટીકલ નં.૬૫**ની જોગવાઈ ધ્યાને લ ેતાં તેમાં માલીકી હકકના આધારે સ્થાવર મિલ્કત અથવા તેમાના કોઈ હિતનો હકક સબંધના દાવા પ્ર તિવાદીનો કબ્જો પ્રતિકુળ બને ત્યારથી બાર વર્ષ જણાવવામાં આવેલ છે.વધુમાં **હકક સબંધના** દાવા કરવા માટે **આર્ટીકલ નં.૫૮** માં દાવો કરવાનો હકક પ્રાપ્ત થાય ત્યારથી ત્રણ વર્ષ ઠરાવવામાં આવેલ છે. **આર્ટીકલ.૧૧૦** ની જોગવાઈ ધ્યાને લેતાં તેમા અવિભકત કુટુંબની મિલ્કતમાંથી બાકાત રાખવામાં આવેલ વ્યકિતનો તેવી મિલ્કતમાંમોનો પોતાનો હિસ્સો મેળવવાનો દાવો વાદીને બાકાત રાખવાની જાણ થાય ત્યારથી બાર વર્ષ જણાવેલછે. આમ આવી સમય મર્યાદામાં હકક બાબતે પોતાનો દાવો ઉપસ્થિત કરવાનો થાય.

આમ, અવિભકત કુટુંબની મિલ્કતમાંથી બાકાત રાખવામાં આવેલ વ્યકિતનો તેવી મિલ્કતમાં મોનો પોતાનો હિસ્સો મેળવવાનો દાવો વાદીને બાકાત રાખવાની જાણ થાય ત્યારથી સમયમર્યાદા ગણવાની હોય છે. વાદીઓએ વાદવાળી મિલકતમાં હકક માંગણી કરેલ છે તે સબંધે જણાવેલ છે કે, બેચરભાઈ જોઈતાભાઈની સગી પુત્રીઓની હેસીયતથી સીધી લીટીના વારસદાર તરીકે વડીલોપાર્જીત વણવહેચાયેલી જમીન સબંધમાં હિસ્સા માટે તથા અન્ય દાદ માટે માંગણી કરેલી છે. બેચરભાઈની પુત્રીઓના અવસાન થયેલ છે.વધુમા,દાવાઅરજીની વિગતે જણાવવામાં આવેલ છે કે,દાવાવાળી જમીન સબંધે રેવન્યુ રેકર્ડમાં <u>તા.૦૮/૦૧/૭૭ ના રોજ નોંધ નં.૩૦૯૩ ની એકતર્ફી</u> સ્વરુપે રેકર્ડ ઉપરના પુરાવાથી અભિપ્રેત અને વિસં ગત રીતની ખોટી રીતે દાખલ કરવામાં આવેલી. વધુમાં આ બાબતનુ રેકર્ડ સર્ચ કરાવતા તે નોંધ મુળથી નલીટી હોવાના કારણે મદદનીશ નાયબ કલેકટરશ્રી સમક્ષ તેવી નોંધ ચેલેન્જ કરવામાં આવેલી. તે કામે પ્ર તિવાદીઓએ જવાબ રજુ કરેલો અને તેમાં વાદીઓના વડવાઓના સ્ટેમ્પપેપર ઉપર ૧૯૫૮ માં ગામ આગેવાનો અને પંચોની હાજરીના ઝેરોક્ષ લખાણ રજુ કરેલ છે અને તે કહેવાતા લખાણમાં વાદીઓના માતાની સહી નથી. તે લખાણ ઉપજાવી કાઢેલ છે વાદીઓનો દાવાવાળી જમીનમાં જન્મથી હકક પોષાય છે તેમ છતાં વાદીઓના મુર્હમ વડવાઓ પ્રતિવાદી નં.૧ થી ૫ ના પિતા અંબારામ બેચરભાઈ પટેલની તરફેણમાં જતો

કરેલ હોવાનુ ફલીત થાય છે પરંતુ દાવાવાળી જમીનમાં વાદીઓના પોષાતા હકક જતા કરેલ હોવાની હકિકત અંગે લખાણની કોઈ નોંધ પાડવામાં આવેલ નથી.વધુમાં વાદીઓના વડવાઓએ હકક જતો કરેલ હોય તો તે અંગેની નોંધ કરવાની મેન્ડેટરી જોગવાઈ છે અને તે જોગવાઈ મુજબ પ્રોસિજર મુજબ બેચરભાઈ જોઈતાભાઈ પટેલના તમામ વારસદારોની વારસાઈ કરવી પડે ત્યારબાદ, તેવી નોંધ મંજુર થાય. તે બાદ સબંધિત સહ હિસ્સેદારોએ જમીનમાંથી હકક ઉઠાવી લીધેલ હોવા બાબતના ડેકલેરેશન રજુ થાય. તે બાદ હકક કમીની ફેરફાર નોંધ કરવી અતિઆવશ્યક અને જરુરી છે. પ્રતિવાદી નં.૧ થી પ ધ્વારા આવી કોઈ પ્રક્રીયા કરવામાં આવેલ નથી. તેથી કહેવાતા સ્ટેમ્પ પેપર ઉપરનુ લખાણ રદ્દી સમાન છે. વાદીઓને હકક આપવો ના પડે તે માટે વિસંગત લખાણ ઉપજાવી કાઢેલુ છે તે સ્ટેમ્પ ઉપર વેન્ડરનો સીકકો સુરેન્દ્રનગરનો છે અને સ્ટેમ્પ પેપર ઉપર તાજેતરમાં જુનો સ્ટેમ્પ પેપર ખરીદીને નવુ લખાણ તાજેતરમાં કરેલ હોય તેવુ જણાય છે તે લખાણ શંકાસ્પદ છે તેમાં ૧૯૫૮ લખવામાં આવેલ છે ત્યાં છેકછાક કરવામાં આવેલ છે. આમ, વાદવાળી મિલકતમાં નો હકક સને.૧૯૭૭ ના વર્ષમાં પડેલી નોંધના આધારે જ નષ્ટ થઈ જતો નથી. આમ, ઉપરોકત વિગત ધ્યાને લેતાં વાદીઓનો હકક ઉપસ્થિત થવા સબંધની વિગત અને વાદીઓને તાજેતરમાં જમીન ખરીદવાની વિગત સબંધે દાવાવાળી જમીનોનુ રેવન્યુ રેકર્ડ કઢાવતાં તેમાં વાદીના વડીલનુ નામ નહી પરંતુ પ્રતિવાદી નં .૧ થી પ ના નામ માલીક કબ્જેદાર તરીકે ચાલતા હોવાની વિગત જણાયેલી છે. **વધુમાં** આ વિગત ધ્યાને લઈ રેકર્ડે જણાયેલ મૌખિક રજુઆત તથા પુરાવાની વિગતે વાદીઓ ધ્વારા આ દાવાના પ્રતિવાદી નં.૧ થી પ વિરુધ્ધ અન્ય એક દાવો **રે.દિ.મુ.નં.૨૮/૨૦૧૯ નો ડેકલેરેશન, પાર્ટીશન તેમજ કાયમી મનાઈ હુકમ સબંધેનો ધુમા ગામની સીમના સર્વે નં.પરર/૪ રેવન્યુ બ્લોક નં.૬૬૮** વાળી બીનખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ આશરે ૦–પ૭–૬૭ ખાતા નં.૨૭ વાળી કે જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં.૩ માં થતા તેને મળતો ફાઈનલ પ્લોટ નં.૧૧૯ વાળી મિલકત અંગે કરેલો છે. તે કામે દિવાની કાર્યવાહીના કાયદાના ઓર્ડર–૭, રુલ.૧૧ મુજબની અરજ થયેલી અને તે અરજ અદાલતે નામંજુર કરેલી છે. વધુમાં તેવી મિલકત સબંધે એક દાવો થયેલ હતો અને વાદવાળી મિલકત સબંધમાં સને.૨૦૧૯ ના વર્ષમાં રજી.વેચાણ થતાં હાલનો દાવો કરેલ હોવાની વિગત જણાયેલી છે. વાદીઓની માતા ગુજરી ગયેલ છે, મહત્વની વિગત વારસાઈ નોંધ ખોટી હોવા સબંધે જણાવવામાં આવેલી છે, દાવા અરજીની વિગતે હકક જતો કરવા સબંધના દસ્તાવેજની વિગત અને તે સબંધની નોંધ પડેલ ના હોવાની વિગત જણાવેલ છે પરંતુ જયારે વાદીનાજ પક્ષનિવેદન મુજબ વાદીઓના મર્હુમ કંકુબેન બેચરભાઈ ,શણગારબેન બેચરભાઈ તથા સંતોકબેન બેચરભાઈના પિતા બેચરભાઈ જોઈતાભાઈના અવસાન બાદ વારસાઈહકક પ્રાપ્ત થયેલ ત્યારથી તથા વાદીના હકક ડુબાડવા પ્રતિવાદીનં.૧ થીપ નાએ પિતાની વારસાઈ નોધ.૩૦૯૩ દાખલ કરી ત્યારથી દાવાનુ કારણ ઉભુ થવાની વિગત જણાવેલ છે.વાદીની દાવાઅરજીના કથનના સબંધમા રજુ થયેલા દસ્તાવેજી આધાર પુરાવા ધ્યાનમા લેતા દાવાઅરજી સાથે નિ.૩ ના પુરાવા લીસ્ટથી વાદીઓ દવારા જે દસ્તાવેજી આધારો રજુ રાખેલા છે તેમાં

વાદવાળી જમીનના રેવન્યુ રેકર્ડને લગતા ૭ અને ૧૨ નેલગતના ઉતારા રેવન્યુ રેકર્ડમા થયેલી નોંધ તથા નોંધ નંબર ૩૦૯૩ રેવન્યુ અધિકારી સમક્ષ પડકારવામા આવેલી તેના રેવન્યુ અધિકારીના હુકમ રજુ થયેલ છે. રેવન્યુ અધિકારીએ તેની નોંધ સબંધે વાદીપક્ષ તરફથી જે વિવાદ ઉભો કરવામા આવેલ તે નામંજુર કરેલો છે અને રેવન્યુ ઓથોરીટીએ પણ હાલના વાદીઓના માતા રઈબેન સંતોકબેન કંકુબેન દવારા તેમની મિલકતમા પોષાતો હકક તેમના ભાઈ અંબારામની તરફેણમા ઉઠાવી લીધેલાનુ માની તે અન્વયે તે વિવાદ અરજીઓ મંજુર રાખેલી નથી.આમ,વાદીઓની માતા મર્હુમ કંકુબેન, મર્હુમ સંતોકબેન, મર્હુમ શણગારબેન ના પિતા બેચરભાઈ જોઈતારામનુ અવસાન ૧૯૫૫મા થયેલ તેમજ તે બાદ બેચરભાઈના પત્ની કંકુબેન બેચરભાઈનુ અવસાન થવાની વિગત ધ્યાને લેતા વાદીઓની માતા અને પ્રતિવાદી નં.૧ થી ૫ના પિતા અંબારામ બેચરભાઈનાઓ કાયદેસરના વારસદાર તરીકે વાદવાળી જમીનમા તેઓનો હકક ઉત્પન્ન થવાની સમયમર્યાદા શરૂ થાય અને તે વિગત ધ્યાને લેતાં સમયમર્યાદાના કાયદાના **આર્ટીકલ નં.૧૧૦** ની જોગવાઈ ધ્યાને લેતાં તેમાં અવિભકત કુટુંબની મિલ્કતમાંથી બાકાત રાખવામાં આવેલ વ્યકિતનો તેવી મિલ્કતમાંમોનો પોતાનો હિસ્સો મેળવવાનો દાવો વાદીને બાકાત રાખવાની જાણ થાય ત્યારથી બાર વર્ષ જણાવેલ છે.વાદીઓના માતા ગુજરી ગયા તે સમય સુધી તેમના ધ્વારા વાદવાળી મિલકત બાબતે હકક ઉભો થવાાની કે તેવો હકક માગેલ હોય તેવી વિગત જણાયેલ નથી. હાલનો દાવો વાદવાળી જમીન સબંધમા ૨૦૧૯ ના એપ્રિલ મહીનામા થયેલો દસ્તાવેજ રદબાતલ ફરમાવવા વાદવાળી જમીનની વંહેચણી અને કાયમી મનાઈહુકમ સબંધે કરવામા આવેલો છે.વાદવાળી જમીનમાં વાદીઓના મર્હૂમનો હકક હિસ્સો પોસાતો હોઈ તે બાબતની જાણ થતાં વાદીઓએ કલેકટરશ્રી સમક્ષ ૨૦૧૯માં કાર્યવાહી કરેલાનુ જણાવેલ છે વાદીઓનુ આ કથન તેમનુ ચપળતાપૂર્વકનુ/ચાલાકીભર્યુ નિવેદન કરેલાનુ સુચવે છે આ વિગત માની શકાય નહી તેવી કારણ કે વાદીઓની માતાના વડીલ પિતાનુ અવસાન તા.૨૪/૧૧/૧૯૫૫ ના રોજ થયેલ છે.માતાનુ અવસાન થતાં નોંધ નં. ૩૦૯૩ની વર્ષમાં પડેલ છે.તે જાહેર રેકર્ડ છે.આ નોંધ ૪૩ વર્ષ અગાઉ થયેલ છે.આટલો લાંબો સમય વાદીઓ તદૃન અજાણ હોય અને બેસી રહેલ હોય મિલ્કત વેચાણ થતાં દાવાદુવી કરેલાનુ જણાયેલ છે.

વધુમાં અન્ય વિગતો ધ્યાનમા લેતા હકક જતો કરવા સબંધના દસ્તાવેજો ખોટી રીતે ઉપજાવી કાઢ ેલા હતા અને તેવા લખાણો સબંધે દાવાઅરજીની વિગતે જે વાંધા વાદી દવારા જણાવવામા આવેલા છે તે ધ્યાને લઈ તેવા દસ્તાવેજ સબંધે વિચારણા કરતા તે દસ્તાવેજી આધારો વાદીપક્ષ દવારા દાવા અરજીના સમર્થનમા રજુ કરેલા નથી તે વિગત ધ્યાનમા લેતા જયારે આવા દસ્તાવેજ પ્રતિવાદીપક્ષ તરફથી રજુ થયેલા છે પ્રતિવાદીપક્ષનો જવાબ કે તેમના દસ્તાવેજો ધ્યાને લઈ શકાય નહી પરંતુ તે બાબતે નામ.ગુજરાત હાઈકોર્ટનાતાજેતરના ન્યાાયિકનિર્ણય 2023 (0) AIJEL-HC 247438-Divyeshbhai Mahendrabhai Patel V/s Vijaybhai Odhabhai ના કેસના કામે કરેલ અવલોકન ધ્યાને લેતાં તેમા જણાવેલ

છે કે,Rejection of plaint Court can certainly go into facts stated in memo of plaint as well as submission made in written statement on behalf of other side and also averments made in application filed under provisions of O 7 R 11 of CPC however at the same time Court cannnot overlook the conduct of party to proceedings.

